શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૮ • સળંગ અંક : ૩૭૪ • તા. ૯ ઑગસ્ટ થી ૧૫ ઑગસ્ટ ૨૦૨૫


**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.

## ઉદાર દિલ દાતાઓને શત શત વંદન :

## સંજીવની કેસની ૨૦૦ અરજીઓને સમયસર મદદ પહોંચાડી શકાઈ




Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai
GJF
Life Member
SHUBH
DIAMONDS
Happy Independence Day
RAJESH MOMAYA
9884149494
# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.
For Business Queries : 044-4314 1444
www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com
-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (W), Mumbai - 400 604.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# સ્વાર્થ વિહીન પ્રેમ સર્વોતમ સંબંધ છે

પ્રેમ નામનો ઉત્તમ ગુણ માણસ માત્રમાં રહેલો છે, કારણ કે આ દેહ પરમાત્માનું સર્જન છે અને આ પરમાત્માનું લક્ષણ પણ પ્રેમ છે. પ્રેમ એટલે પ્રભુની નજરમાં ભક્તિ આરાધના અને ઉપાસના. ભક્તિનો એક પ્રકાર પ્રેમલક્ષણા ભક્તિ છે. હૃદયના ભંડારમાં ભરેલો શુદ્ધ પ્રેમ માણસને શક્તિમાન બનાવે છે.

મૂળભૂત રીતે માણસ ખરાબ નથી એને સમય સંજોગ અને પરિસ્થિતિ નબળા કરે છે. લાલચી, સ્વાર્થી અને ઝેરીલા બનાવે છે. સાધુ સંતો માણસ માત્રમાં વિશ્વાસ રાખવાનું કહે છે. કારણ કે આ વિશ્વાસ આગળ જતાં સ્નેહમાં રૂપાંતરિત થાય છે. પ્રેમએ એવું અમૂલ્ય ઔષધ છે. જે ગમે તેવા નઠારા માનવીને પરમતત્વ પદે પહોંચાડે છે. આની શરૂઆત નાનકડા ઝરણાંથી શરૂ થાય છે.જે સમય જતાં આ વહેણ સરવાણી, સરિતાનું વિશાળ સ્વરૂપ ધારણ કરે છે. જેમ બાળક જન્મે છે, વિકસે છે. સૌ પહેલાં માતા પિતાને ઓળખે છે. પણ જેમ જેમ એ દુનિયાના પરિચયમાં આવે છે. તેમ તેમ સંગતમાં રહી સૌનો ભરોસો મેળવી વિશ્વાસ પાત્ર બને છે. પ્રેમ પાત્ર બને છે. સારી સોબત અને શુદ્ધ વિચાર આચાર ધરાવતા પાત્રો સાથે રહીને તે ઉચ્ચાસન પાત્ર બને છે.

પશુ પક્ષીઓ અજાણ્યા હોય એટલે માનવીથી દૂર રહે છે. પણ તેની સાથે સ્નેહથી વર્તાવ કરવાથી તેનો વિશ્વાસ જીતવાથી ધીરે ધીરે ભરોસા પાત્ર થઈ નજીક આવતા જાય છે. આ પાલનભર્યો વર્તાવથી અબોલ જીવ પણ પ્રેમ નિરખીને પલોટાય છે. અને ઈન્સાનનું પાલતુ થઈ જાય છે. માણસના સહવાસનું, પ્રેમનું હેવાયું થઈ જાય છે. દૂધાળાં ઢોરને પાળવાનું શરૂઆત કરે ત્યારે શરૂઆતમાં થોડા ઘણા અંશે જીવદયાનો પશુ પ્રત્યે પ્રેમનો ભાવ હોય પણ, પછી અમૃત જેવું દૂધ મળતું થાય એ પછી લાલસા વધે કે હજુ અધિક દૂધ મળે તો કમાણી થાય. આ લાલસા જન્મે એટલે પાલતું પશુના બચ્ચાં એમાં ભાગ પડાવે એ ન ગમે. આમ જીવ માત્રમાં દેવતાનો વાસ છે. એ ભાવના લુપ્ત થતી જઈ સ્વાર્થની ભાવના ભરડો લે છે. આ ભાવ સર્વોપાત પતનનું કારણ બને છે.

માતા-પિતા નિ:સ્વાર્થ ભાવે બાળકને ઉછેરે છે, મોટો કરે છે અને કોઈ પણ પ્રકારની આંચ ન આવે એની ખેવના કરે છે. સંતાન શિક્ષિત થઈ સક્ષમ સમર્થ અને સજ્જન પ્રકૃતિનો બને એનો ભાવ રાખે છે. પણ એ જ સંતાન કમાતો થઈ પગભર થતાં માતા પિતાના બલિદાનને ભૂલી નગુણો બને છે. એ તો એમની ફરજ હતી જે એમણે નિભાવી એવો ભાવ રાખી એમની અવહેલના કરે છે, તેમની પ્રત્યે દુર્લક્ષ સેવે છે.

પ્રેમ કરવું સ્નેહ રાખવું માણસનું મૂળભૂત ગુણ છે. સ્વાર્થ, લાલચ જેવા તામસી અવગુણ સ્વભાવને વિકૃત અને ચરિત્રને અધમ કરે છે. ત્યારે નિ:સ્વાર્થ પ્રેમ માનવ મૂલ્યોને ઊંચાને ઊંચા લઈ જાય છે. સદ્ભાવ ભર્યા ગુણો શાશ્વત છે. વાતાવરણથી આવેલી વિકૃતિ કામચલાઉ હોય તો ઠીક છે. પણ કાયમી ન રહી જવી જોઈએ. સ્વાર્થ વિહીન સ્નેહ અને સંબંધ સારા ગુણોમાં સર્વોતમ છે.

– જય જ્ઞાતિમૈયા

# સંબંધો સાચવવાની કળા

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

ચાર ભીંતો ચણવાની મકાન બને છે. પણ તેમાં નારીનો પ્રવેશ થાય ત્યારે તે ઘર કહેવાય છે. એટલે જે મકાનમાં નારી વસતી હોય તે ઘર કહેવાય છે પણ જે ઘરમાં નારી હસતી હોય તે ઘર સ્વર્ગ કહેવાય છે. ઘરમાં ક્રમશ પરિવારના સભ્યોમાં વધારો થતો જાય છે. પરિવારના સભ્યોમાં આપસમાં પારસ્પારિક સંબંધો લાગણીથી, આત્મીયતાથી વણાયેલા હોય ત્યારે પરિવારની શોભા શિરમોર બને છે. લાગણીમય સંબંધોમાં સંભળાવવા કરતાં સાંભળવું અને સમજાવવા કરતાં સમજવું અગત્યનું અને જરૂરી હોય છે. પરિવારને એક તાંતણે બાંધવા માટે સ્નેહાળ સ્વભાવ, પ્રેમાળવાણી અને પ્રમાણિકતાથી રળેલી કમાણી અને યોગ્ય, પૌષ્ટિક અને સ્વાદિષ્ટ આહાર એ આધારશિલા બને છે. એક બીજાની કાળજીપૂર્વકની દરકાર કરવાથી સંભાળ જતન કરવાથી થોડા ઘણા પ્રમાણમાં સંબંધોની સાચવી લેવા પોતે ઘસાવાથી અને સૌ સભ્યો સાથે મળીને આહાર ભોજન લેવાથી, થોડું ઘણું આપ્તજનો માટે ટાઈમ સ્પેન્ડ કરવાથી માનસિક સ્વાથ્યની પ્રાપ્તિ થાય છે.

જન્મથી લઈ ઘડપણ સુધીના જિંદગીના પથમાં આપણને સુખ-દુઃખ આવ્યા કરે. પણ ગમે તેવી પરિસ્થિતિ આવે ત્યારે ક્યારે નિરાશ ન થવાનું. સંબંધોના સાથથી મક્કમ થઈ તે પરિસ્થિતિ સામે અડગ-અડીખમ થઈ ઊભા રહેવું જોઈએ. હમેંશા હકારાત્મક વિચાર કરવા જોઈએ. હિંમત ન હારવી જોઈએ. પહેલાં હાર હોય તો જીત પણ તેની પાછળ પાછળ આવવાની બધાની મદદ કરવી જોઈએ અને તેના સુખ દુઃખમાં સાથી બનવું જોઈએ. જીવનનો રસ્તો અન્યના સહારે સહારે જ જીવાય છે. એક બીજાના ટેકા વડે સારા નરસા સમય પસાર થાય છે.

ઘરમાં રહેતા દરેક સભ્યના વિચાર, વર્તન સંસ્કાર અલગ રહેવાના પણ કોઈની ભૂલને પકડી તેનું વતેસર કરવાથી સંબંધમાં કડવાશ આવી જાય છે. ઊંચા અવાજથી કોઈ સભ્યને દબાવી જરૂર શકાય પણ તેનો સ્વમાન હણાય નહીં તેવી કાળજી જરૂરથી રાખવી જોઈએ. કોઈ બાબતે સામેવાળા પર તાડૂકવાથી તેનો ઉકેલ મળતો નથી. પરિવારમાં સમસ્યાનો સરળતાથી ઉકેલ લાવવા માટે સંવાદને મહત્વ આપવું જરૂરી છે. વિવાદથી વિખવાદ વધે છે. વાત વકરે છે એના કરતાં સંવાદિતા જળવાય એવી કાળજી રાખવી જરૂરી થાય છે. આ પ્રકારનું વાતાવરણ સર્જવાની જવાબદારી ઘરની સ્ત્રીઓ ઉપર વિશેષ હોય છે.

નજીવા જેવા વિખવાદને કારણે ગૃહકંકાસ થાય ત્યારે કુળ અને મૂળના સંસ્કારને મહતા આપવી જોઈએ. ઝઘડા વડે કુટુંબ જીવનને નિષ્ફળ બનાવી દેવા કરતાં ખુદ ઝઘડાને નિષ્ફળ બનાવી દેવામાં જ પરિવારનું શ્રેય રહેલું છે. નાની વાતોને પોતાનો અહંમ સંતોષવા મોટી કરતાં રહેવાથી પરિવાર નાના થતાં જવાનો ખતરો હોય છે. પરિવારમાં સંવાદિતા બની રહે એ માટે જૂની પેઢી અને નવી પેઢી વચ્ચે વચલી પેઢીએ બેલેન્સ પ્રમાણ જાળવવું જરૂરી છે. સમાજમાં પ્રતિષ્ઠા અને ગૌરવ જળવાય એ માટે દરેક સભ્યની જવાબદારી બની રહે છે. શાંતિથી જીવતાં અને વિસંવાદિતાના સમયે હોઠ સીવતાં આવડે તો પરિવારમાં પ્રસન્નતા શાશ્વત વર્તાય છે.


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# જ્ઞાતિજનોને આહ્વાન

**આપણી જ્ઞાતિની વિરાસત ભવિષ્યમાં સચવાયેલી રહે સાથો સાથ આજની પેઢીને આપણી જ્ઞાતિની સંસ્કૃતિ-સંસ્કાર અને વિરાસતની આધારભૂત માહિતી મળે એ જરૂરી છે. જે માટે સમસ્ત મહાજન દ્વારા જ્ઞાતિ ગ્રંથનું સંકલન કરવાનું આયોજન છે. જે માટે માહિતી સંકલિત કરાઈ રહી છે.**

જ્ઞાતિના સૌ મહાજનો/સંસ્થાઓ/વ્યક્તિઓ સૌને જણાવવાનું કે આપની પાસે આપણી જ્ઞાતિ વિષેની માહિતી, વિગત, જાણકારી હોય તે લખીને ફોટા સાથે ઈમેઈલ **kdogranth@gmail.com** ઉપર મોકલવા વિનંતી

અથવા

**શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન કેડીઓ મીડિયા સમિતિ**

બી-૩, કૃષ્ણ કુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, વાલજી લધ્ધા રોડ, વિકાસ પ્લાઝોની પાસે, મુલુંડ(વેસ્ટ).

**વધુ વિગત માટે સંપર્ક**

**98690 05403 / 98330 72879**

# સંજીવની કેસ નં.૨૦૦ માટે રૂા.૧.૯૦ લાખ જમા થઈ જતાં ક્રાઉડ ફંડિંગ બંધ કરાયું




સેવક ભરૂડીયા હાલે ડોંબિવલીના ૭૧ વર્ષીય શ્રીમતી ભાનુબેન જયંતિલાલ ધુલ્લાને થોડા મહિનાઓથી ભૂખ ન લાગવી, ઉલટી અને ઝાડાની તકલીફથી ગ્રસ્ત હતા. તે ઉપરાંત હાઈબ્લડ પ્રેશર, ક્રોનિક કિડની ડિસીઝ, પ્લુરલ ઈફ્યુઝની વ્યાધિને કારણે હોસ્પિટાઈઝલ કરેલ છે. ભાનુબેન તેમના પતિ જેઓ નિવૃત છે. છુટા છેડા લીધેલ પુત્ર જે વાશી નવી મુંબઈમાં ગાર્મેન્ટ સ્ટોરમાં સર્વીસ કરી નજીવો પગાર મેળવી ગુજરાન કરે છે અને બે બાળકો ધરાવે છે. ૧૭ વર્ષનો પુત્ર સોનગઢ બોર્ડિંગમાં અભ્યાસ કરે છે અને ૧૬ વર્ષની પુત્રી છે.

પરિવારનો કોઈ વીમા પોલિસી નથી. સારવાર ઈલાજ માટે રૂા.૧.૯૦ જમા કરવાની મોટી જવાબદારી આવી પડી છે. જે માટે ધુલ્લા પરિવારે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ સમક્ષ અરજી મૂકી. જેને માટે ક્રાઉડ ફંડિંગ શરૂ કરાયું અને ટૂંક સમય ગાળા દરમ્યાન જ સંપૂર્ણ ભંડોળ જમા થઈ જતાં ક્રાઉડ ફંડિંગ અટકાવી દેવાયું. ભાનુબેન ધુલ્લાની અરજી સમેત આજ સુધી ૨૦૦ કેસનો નિવેડો સમયસર અને સુખરૂપે ઉદાર દિલ દાતા શ્રેષ્ઠીઓના સહકારથી કરી શકાયો છે. દરેક કેસ અરજીની અલગ અલગ જરૂરિયાત માટેની રકમ માટે સમય ગુમાવ્યા વિના સહયોગ આપનાર માનવતાલક્ષી વિચાર ધરાવતા ઉદાર વ્યક્તિગત દાતાઓ, મહાજનો, એકમો, ટ્રસ્ટ, સંસ્થા, મંડળોનો બે સદીના આંકનો આ સિધ્ધિ શિખરને સર કરવા મોટો અને ઉદાર ફાળો પ્રદાન કરવા બદલ સમસ્ત મહાજન તથા મેડિકલ સમિતિ દ્વારા સૌને શત શત વંદન અભિનંદન.

# સમસ્ત મહાજનની મેડિકલ સમિતિના સંજીવની ડાયમંડ પેટ્રોન થનાર જ્ઞાતિ સદ્‌ગૃહસ્થની ભરપૂર અનુમોદના

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજનની વિવિધ સમિતિઓ પોતપોતાને અપાયેલ ક્ષેત્રકાર્યમાં અવનવી યોજનાઓ, કાર્યક્રમો કરી જ્ઞાતિજનોને ઉપયોગી થઈ રહે એ પ્રકારની પ્રવૃત્તિઓ અવિરત આગળ વધારતી રહી છે. જેનો બહોળા પ્રકારે લાભ જ્ઞાતિને મળી રહ્યો છે.




આમાંની એક મેડિકલ સમિતિની અદ્‌ભૂત અને આધારરૂપ સંજીવની યોજના જે આકસ્મિક આપદામાં સપડાઈ બીમાર વશ થાય છે. જેઓની કોઈ બચત નથી કે નથી વીમાનું સંરક્ષણ. નાના-મોટા રોગોના ઈલાજ કરવાના ખર્ચ જેમને માટે ગજા બહારના છે. એવા પરવશ હાલતમાં સપડાઈ ગયેલા જ્ઞાતિજનોને રાહત આપતી યોજના એટલે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજના. આ યોજનાનો લાભ આજ સુધી લગભગ બસો જેટલાં જ્ઞાતિજનોને સમયસર અને સુગમ રીતે મળ્યો છે અને સારવાર કરાવી દવા ઈલાજ કરી સ્વસ્થ થયાં છે.

ઉદાર દિલ દાતાઓના યોગદાનથી થતી આ સહાય પ્રવૃત્તિમાં સાથ આપવા ઈચ્છુક શ્રેષ્ઠી માટે અલગ અલગ પેટ્રોન યોજના છે. જેનો લાભ સમયાંતરે દાતાર દિલ મહાનુભાવો તેમજ સંસ્થાઓ લઈ પરોપકારનો સેવા દીપક પ્રજ્વલિત રાખેલ છે.

માનવતા એ જ શ્રેષ્ઠ માનવ કર્તવ્ય છે. પરોપકારનો બીજો અર્થ છે બીજાઓની ભલાઈ કરવી. જેની સાથે લોહીનો સંબંધ નથી તે છતાં નાત જાત પારકા પરાયાના ભેદભાવ જોયા વિના અન્યનું દુઃખ દર્દ પોતાનું છે એ સમજનાર વીરલાઓ હોય છે. આવા જ એક અજ્ઞાત જ્ઞાતિ સદ્‌ગૃહસ્થ પોતાનું નામ જાહેર કર્યા વિના રૂા.૧ લાખનું અનુદાન આપી સંજીવની ડાયમંડ પેટ્રોન તરીકે મેડિકલ સમિતિની સંજીવની સેવા યોજનામાં જોડાયા છે. તેમની ઉદારતાને વંદન કરી નામનો મોહ ટાળી માત્ર માનવસેવાનો સંકલ્પ કરવાનું ધ્યેય ઉજાગર કર્યો છે. એવા ઉદાર જ્ઞાતિ મહાનુભાવ અજ્ઞાત શ્રેષ્ઠીજનને વંદન કરી શત શત વાર અનુમોદના કરીએ છીએ.

# તિરૂપુર સંઘમાં ભગવાન શ્રી નેમીનાથજીના કલ્યાણ દિવસે ધર્મ આરાધનાનું વિશેષ આયોજન કરાયું



દક્ષિણ ભારત પ્રાંતના તિરૂપુર નગરના શ્રી સુવિધિનાથ દેરાસરમાં તા.૨૯ જુલાઈ મંગળવાર દિને ભગવાન શ્રી નેમીનાથજીનો કલ્યાણ દિવસે વિશેષ ધર્મ આરાધનાનો લગભગ બાવન બહેનોએ સામૂહિક આયોજન કર્યું હતું. સવારના ૯.૩૦ કલાકથી ૧૨ વાગ્યા સુધી પૂજા આરતીનો કાર્યક્રમ થયો.

ચાતુર્માસ દરમ્યાન અત્રે તિરૂપુરમાં રોજ આયંબિલ પોતપોતાના ઘરે કરવાની પ્રેરણા તેમજ દરેક તપસ્વીને રૂા.૫૦ની પ્રભાવના શ્રીમતી પુષ્પાબેન હંસરાજ નાગડા ગામ પરજાઉ તરફથી અપાય છે અને તેમણે દરરોજ તપસ્વીને ફોન દ્વારા સાતા પૂછવાનું નિયમ લીધેલ છે.

---


**શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન,**
**મેડિકલ સમિતિ**



KDO SANJIVANI

## કેડીઓ સંજીવની

**માટેની વિગતવાર માહિતી માટે તથા મેડિકલ સહાય માટે**

**સંપર્ક:**

| | |
|---|---|
| મનીષા શાહ | 98695 76527 |
| ડૉ. ધારિણી નાગડા | 98197 22300 |
| ભરત મૈશેરી | 98200 58048 |
| રમેશ મોતા | 98196 55259 |

# Anumodana

**Sanjivani Case - 194**

**Name: Mrs. Usha Nagraj Lodaya    Age : 56 Yrs.    Village: Sandhav - Bagalkot**

| | |
|---|---|
| **Uranium Patron** | |
| Shri Anantnathji Maharaj Jain Temple & Its Sadharan Fund Trust | 10,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli, Mumbai | 25,000.00 |
| **Lifetime Patron / Sanstha** | |
| Shri Dakshin Bharat KDO Jain Ekkam, Bangalore | 5,000.00 |
| Shri Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 2,500.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Ahmedabad | 2,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Gandhidham | 1,500.00 |
| **Platinum Patron** | |
| Matushri Gunvanti J. Momaya, Varadia, Banglore | 2,500.00 |
| Swargiya Uttambhai K. Khona (Haste Smt. Khamaben U. Khona) Kothara, Sangli | 2,500.00 |
| Shri Tokarshi Anandji Lalka, Lala, Vashi, Navi Mumbai | 2,500.00 |
| **Diamond Patron** | |
| Smt. Jayuben Ramesh Momaya, Naliya, Atlanta | 2,000.00 |
| Matushri Damyantiben Champshi Lodaya, Sandhav, Ghatkopar, Mumbai | 2,000.00 |
| Late Matushri Bhanumati Manilal Dhulla & Late Shri Manilal Shivji Dhulla ,Suthri - Mulund (H:Nirenbhai Shah) | 2,000.00 |
| Late . Kumar Dhaval Mayur Lodaya , Motikhavdi, Ghatkopar ( H: Jayaben Motilal Lodaya Pariwar ) | 2,000.00 |
| Shree KDO Classic Foundation, Mumbai | 2,000.00 |
| Kumari Chandni Milan Maheshwari, Jakhau - Pune | 2,000.00 |
| Shrimati Hansha Shah,Naliya, Mahalaxmi ( H: Nirupamaben) | 2,000.00 |
| Well Wishers (Ek Sadgrahasth) | 2,000.00 |
| Shrimati Rita Manikant Lodaya | 2,000.00 |
| **Gold Patron** | |
| Matushri Velbai Devji Khona, Arikhana, Ahmedabad | 1,500.00 |
| Shri Khirendra Govindji Lodaya ( H: Usha K. Lodaya) Naliya , Vadodara | 1,500.00 |
| Late Kum. Meetal Mahesh Lodaya ( H: Shri Mahesh Chatrabhuj Lodaya), Rapar Gadhwari, Ahmedabad | 1,500.00 |
| Smt. Manorama Naresh B. Momaya ( H: Smt. AnaghaVikash Shah & Parag N. Shah) Naliya , Ghatkopar | 1,000.00 |
| Well Wisher | 1,000.00 |
| **Individual Donors** | |
| Well Wisher A... Silent Donor | 1,01,000.00 |
| Shrimati Alpa Gautam Dharamshi, Kothara - Bangalore | 20,000.00 |
| Shri Hans Bhawanji Khimji Charitable Trust, Bangalore | 5,000.00 |
| Shrimati Veenaben Nagda, Mumbai | 5,000.00 |
| Shri Dhawal Piyush Dand, Tera - Pune | 3,000.00 |
| Shrimati Geeta Harish Lodaya, Sayera - Raipur | 3,000.00 |
| Shrimati Leelavantiben Navinchandra Lodaya, Nani Khavdi - Coimbatore | 2,500.00 |
| Shri Hukamchand Javerchand Dharamshey, Manjal - Deolali | 1,000.00 |
| Shri Nitin Raichand Sayla, Suthari - Deolali | 1,000.00 |
| Shri Rohit Jivraj Poladia | 500.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org    Email: Seva@kdosm.org    Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન રાયપુરની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ



શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુરની વાર્ષિક જનરલ સભા (AGM) તા.૩ ઓગસ્ટ ૨૦૨૫ રવિવાર બપોરે ૪ વાગેથી શ્રી કુંથુનાથ જિનાલય પરિસર સ્થિત વિવિધલક્ષી હૉલમાં રાખવામાં આવેલ. કોરમના અભાવે અડધો કલાક બાદ શ્રી નવકાર પઠન બાદ સભા પ્રારંભ થયેલ. ૧) ગત વાર્ષિક સામાન્ય સભાનું વાંચન અને અનુમોદન કરવામાં આવેલ. ૨) મહાજનનું વર્ષ ૨૦૨૪-૨૦૨૫નું ઓડિટેડ આવક જાવકનું વાંચન (કાર્યકારિણી દ્વારા અનુમોદિત). ૩) શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન યુવા મંડળનું વર્ષ ૨૦૨૪-૨૦૨૫નું આવક જાવકનું વાંચન. ૪) શ્રી કુંથુનાથ મહિલા મંડળનું વર્ષ ૨૦૨૪-૨૦૨૫ના આવક જાવકનું વાંચન ૫) વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માટે ઓડિટરની નિયુક્તિ પર ચર્ચા અને નિર્ણય. ૬) શ્રી પર્યુષણ મહાપર્વ ૨૦૨૫ના બાબત જાણકારી, ચર્ચા અને સુઝાવ ૭) શ્રી કુંથુનાથ જિનાલયની ૨૫મી (રજત) ધ્વજા મહોત્સવનું આયોજન/દિનાંક/કાર્યક્રમ બાબત ચર્ચા/નિર્ણય ૮) અધ્યક્ષશ્રીનું અનુમતિથી અન્ય વિષય ૯) વર્ષ દરમિયાન વડીલ શ્રી વાલજી ખેતશી જીવાણી અને સૌ પુષ્પાબેન દિનેશ ચાંપશી લુઢિયાનું નિધન થયેલ ૨ મિનટનું મૌન રાખી શ્રધ્ધાંજલી આપી ત્યારબાદ સહસચિવ શ્રી હિતેશ શરદ મોમાયાએ આભાર પ્રદર્શન કર્યું અને સર્વે ચૌવિહારનો લાભ લઈ છુટા પડેલ.



# Anumodana

**Sanjivani Case - 195**

**Name:Mr.Pravin Keshavji Lodaya(Peer) Phase-II Age : 72 Yrs. Village: Bayath - Bhandup**

| | |
|---|---|
| **Uranium Patron** | |
| Matushri Laxmiben Hirji Valji Lalka, Sujapur - Dadar | 5,000.00 |
| **Emerald Patron** | |
| M/s. Vikamshi Fabrics Pvt. Ltd. Khamgaon | 5,000.00 |
| Shri Nileshkumar Shantilal Meisheri ( Lala - Mulund - Dubai) | 5,000.00 |
| Matushri Rekhaben Sunil Khona, Sujapur - Bangalore | 5,000.00 |
| **Lifetime Patron / Sanstha** | |
| Shri Dakshin Bharat KDO Jain Ekkam, Bangalore | 5,000.00 |
| Matushri Purbai Lakhamshi Lalka Charitable Trust, Kutch | 2,500.00 |
| Shri Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 2,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Kolkatta | 2,000.00 |
| **Diamond Patron** | |
| Late . Kumar Dhaval Mayur Lodaya , Motikhavdi, Ghatkopar ( H: Jayaben Motilal Lodaya Pariwar ) | 2,500.00 |
| Shree KDO Jain Sarvodaya Mandal, Mulund | 2,500.00 |
| Shri Shirishbhai Devji Nagda & Smt. Manishaben Shirish Nagda, Rangpur - Coimbatore (H: Rahul & Aarti, Sandeep & De | 2,500.00 |
| Master Vihaan Pratik Dand (H: Hirahand Damji Dand - Manjal Reladia - Mumbai) | 2,500.00 |
| Matushri Manibai Champshi Luthia & Shri Champshi K. Luthia, Raidhanjar | 2,500.00 |
| Shri Hans B. Khimji, Tera, Matunga | 2,500.00 |
| Kumari Chandni Milan Maheshwari, Jakhau - Pune | 2,500.00 |
| Shrimati Hansha Shah,Naliya, Mahalaxmi ( H: Nirupamaben) | 2,500.00 |
| Well Wisher (Ek Sadgrahasth) | 2,500.00 |
| Shrimati Rita Manikant Lodaya | 2,500.00 |
| Smt. Jayuben Ramesh Momaya, Naliya, Atlanta | 2,500.00 |
| **Gold Patron** | |
| Late Smt. Jhamkuben Hemchandbhai Dharamshi ( H: Shri Dilip Kunverji Dand) Suthri, Ahmedabad | 2,000.00 |
| Parab Shakti Sanjivani Society, Mumbai | 2,000.00 |
| Shrimati Yashwanti Chandrakant Lodaya & Shri Chandrakant Damji Lodaya, Kothara, Mulund | 2,000.00 |
| Shrimati Prabhaben Punamchand Laxmichand Dharamshi, Hubli | 2,000.00 |
| Matushri Maniben Ramji Lodaya , Nani Khavdi , Sangli | 2,000.00 |
| Shrimati Karunaben Motichand Khona, Naliya, Mulund | 2,000.00 |
| Sanghmata Bhartiben Bhagchand Damji Jain Pariwar, (H:Jayesh Jain), Kothara, Mulund | 2,000.00 |
| Shri Rameshbhai ( Kunvarji ) Meghji Mota, Rapar Gadhvari - Mulund | 2,000.00 |
| Late Matushri Manbai Malshi Mota & Pitashri Malshi Kalyanji Mota ( H: Kalpnaben Raichand Mota, Kuvapadhar - Salem | 2,000.00 |
| Shrimati Damyantiben & Dilipbhai Kunverji Dand, Varadiaya (Ahmedabad) | 2,000.00 |
| Shri Nitin Ratilal Lodaya, Coimbatore | 2,000.00 |
| Shrimati Rekhaben Virendra Lodaya ( Shah ), Varadia - Juhu | 2,000.00 |
| Shrimati Deenaben Janak Daulat , Suthri - U.S.A. | 2,000.00 |
| Matushri Ratanbai Jethabhai Chheda, H: Pinakinbhai J. Chheda, Naliya - Mulund | 2,000.00 |
| **General Sanjivani Patron** | |
| Shri Hitesh Laxmichand Soni | 1,000.00 |
| **Individual Donors** | |
| Shri Jitenbhai Hirachand Nagda, Naliya - Dubai | 5,000.00 |
| Shri Dhawal Piyush Dand, Tera - Pune | 3,000.00 |
| Shrimati Geeta Harish Lodaya, Sayera - Raipur | 2,000.00 |
| Shrimati Leelavantiben Navinchandra Lodaya, Nani Khavdi - Coimbatore | 1,000.00 |
| Shri Hukamchand Javerchand Dharamshi, Manjal - Deolali | 1,000.00 |
| Shri Nitin Raichand Sayla, Suthari - Deolali | 1,000.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન દ્વારા સાવન મહોત્સવનું આયોજન



શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દર વર્ષ પ્રમાણે આ વર્ષે પણ જ્ઞાતિની મહિલાઓ અને યુવતીઓ માટે 'સાવન મહોત્સવ'નું આયોજન શ્રી કુંથુનાથ જિનાલય પરિસર સ્થિત વિવિધલક્ષી હૉલમાં રવિવાર તા.૩ ઓગસ્ટ ૨૦૨૫ના બપોરે ૩ વાગેથી સર્વપ્રથમ નવકાર જાપ, દીપ પ્રજ્વલન બાદ ચિકિત્સક માર્ગદર્શન દેવા માટે વિશેષ અતિથિ રૂપે ડૉ. શ્રીમતી અનામિકા સિંહ (પાર્ષદ, એમ.આઈ.સી.મેમ્બર સ્ત્રીરોગ વિશેષજ્ઞ સર્જન) પધાર્યા હતા. તેમને સ્ત્રીરોગ વિશે મહત્વપૂર્ણ જાણકારી અને વિભિન્ન પ્રકારની વેક્સીન બાબત બતાવેલ મહાજનના પ્રમુખ શ્રી ચંદ્રેશ વીરચંદ છેડાએ અતિથિ વિશેષ રૂપે પધારેલ. ડૉ. અનામિકા સિંહનું આભાર માનેલ. સૌ.મંજુલાબેન કુલીનકાંત જીવાણી અને સૌ. તૃપ્તિબેન ચંદ્રેશભાઈ છેડા દ્વારા એમનું મોમેન્ટો, શાલ, શ્રીફલ, દુપ્પટાથી બહુમાન કરવામાં આવેલ. ત્યારબાદ મહિલાઓ દ્વારા વિભિન્ન પ્રકારની હરિફાઈઓ રાખવામાં આવેલ અને હાઉઝી રમાડવામાં આવેલ. અંતમાં 'સાવન ક્વીન'નું ઈનામ 'અ' વર્ગમાં વિજેતા સૌ. મિત્તલ ભાવિક શાહ (નાગડા) અને 'બ'માં સૌ. ડિમ્પલ જયેશ નાગડા થયા હતા.





# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જુલાઈથી સપ્ટેમ્બર માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| ૧૬ ઓગસ્ટ ૨૦૨૫ | શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ આયોજિત ૧ લુ જાજરમાન સ્વમાન લગ્ન સાંજે ૫ વાગે, મેવાડ કેસરી ભવન, ભાડુંપ. |
| ૧૭ ઓગસ્ટ ૨૦૨૫ | શ્રી કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન/ શ્રી અનંતનાથ ટ્રસ્ટ/શ્રી કેડીઓ જૈન સંઘ ભાંડુપ દ્વારા આયોજિત ''માત પિતા તમને વંદન'' કાર્યક્રમ: મેવાડ હોલ, ભાંડુપ |
| ૧૭ ઓગસ્ટ ૨૦૨૫ | સવારના ૯:૦૦થી ૧૨:૦૦ વાગ્યા મેવાડ કેસરી ભવન, ભાંડુપ |
| ૦૬ સપ્ટેમ્બર ૨૦૨૫ | શ્રી ક.દ..ઓ. મંડળ, ડોમ્બિવલી આયોજિત શ્રી મહાકાળી માતાજી ની ભાવના: હોરાઈઝન હોલ, ડોમ્બિવલી. |
| ૦૭ સપ્ટેમ્બર ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. મંડળ-ડોમ્બિવલી આયોજિત સ્નેહ મિલન, સાધર્મિક ભક્તિ સહ તપસ્વીઓનું બહુમાન તથા આ વર્ષે નવી શૈક્ષણિક પદવી (ડીગ્રી) ઉપલબ્ધ કરનાર વિદ્યાર્થીઓનું સન્માન હોરીઝોન હોલ, ડોમ્બિવલી. મો.નં. ૯૩૨૧૫૫૬૧૯૪ |
| ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. દેવલાલી નાશિક રોડ સેવાભાવી જૈન સંઘ આયોજિત પ્રથમ સ્નેહમિલન દેવલાલી. |
| ૧૭ થી ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. દેવલાલી નાસિક રોડ જૈન સંઘ આયોજિત ચેત્ય પરિપાટી મહારાષ્ટ્ર-ગુજરાતના ૯ તીર્થ. |
| ૧૯ થી ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. મંડળ-ડોમ્બિવલી આયોજિત ચૈત્ય પરિપાટી-ઉતર ગુજરાતના તીર્થ. મો.નં. ૯૮૩૩૧૪૬૦૪૭ |
| ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ.જૈન યુવક મંડળ, બૃહદ ગાંધીધામ વિસ્તાર દ્વારા આયોજિત સાર્થક એકેડમીક એક્સીલન્સ એવોર્ડ ૨૦૨૫ સ્થળ: શ્રી અંબેમાતા હોલ, સેક્ટર ૪, ઓસ્લો. |
| તા.૯ નવેમ્બર ૨૦૨૫ | છેડા ગોત્ર પહેડી, સારસ્વત વાડી, મુલુંડ વેસ્ટ |

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**


Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**લીલાવતી મૈશેરી**
તા.૩ ઓગસ્ટ (ઉ.૯૨)
લાલા-દેવલાલી




**પાસવીર ધરમશી**
તા.૩ ઓગસ્ટ (ઉ.૮૮)
રંગપુર-ઔરંગાબાદ



**નવલબેન લોડાયા**
તા.૫ ઓગસ્ટ (ઉ.૭૨)
નલિયા-ચેન્નઈ



**દેવિકાબેન ગાલા**
તા.૪ ઓગસ્ટ (ઉ.૬૮)
કોટડી મહાદેવપુરી-માંડવી



**દિલીપભાઈ છેડા**
તા.૫ ઓગસ્ટ (ઉ.૬૭)
નલિયા-સિહોર



**ચિત્રલેખા પાલાણી**
તા.૫ ઓગસ્ટ (ઉ.૭૩)
કોઠારા-મુંબઈ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.




● ગુજરાત નગરપાલિકા પરિષદમાં સતત ચોથી વખત અંજારના પૂર્વ નગરપતિ વસંતભાઈ જેઠાલાલ કોડરાણીની નિમણૂંક કરવામાં આવી છે અને ઉપપ્રમુખની જવાબદારી સોંપવામાં આવી છે. ગુજરાત નગરપાલિકા પરિષદના પ્રમુખ ગિરીશભાઈ રાજગોરની સૂચનાથી પરિષદની કારોબારી બેઠક ગાંધીનગર ખાતે મળી હતી. જેમાં કચ્છ જિલ્લા ભાજપના મંત્રી અંજાર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અંજાર ચેમ્બર ઓફ કોર્મસના માનદ્‌મંત્રી અને લોહાણા સમાજના અગ્રણી વસંતભાઈ જેઠાલાલ કોડરાણીની સતત ચોથી વાર નિમણૂંક કરાઈ અને ઉપપ્રમુખ તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. આ અગાઉ પણ અનેક વખત આ પરિષદનો વિવિધ હોદ્દાઓ પર રહીને કાબેલિયત ભરી સેવાઓ આપી ચૂક્યા છે.

● ભૂકંપ પછી કચ્છમાં પ્રવાસન ક્ષેત્રે કલ્પનાતીત વિકાસ થયો છે. ભુજ માંડવીની સરહદે પુનડી પંથકમાં રિસોર્ટ અને વિલાના નવા વિઝન સાથે બેસ્ટ હબ બનાવવાના પગરણ થયાં છે. સાડા આઠ એકર વિસ્તારમાં ૧૧૭ પ્લોટ પૈકી ૧૧૬ ઉપર ત્રણ પ્રકારના વિલા જ્યારે એક પ્લોટ ઉપર ૩૫ રૂમવાળી પંચતારક હોટલ નિર્માણ કરાશે. મુંબઈનું ઓર્ચિડ ગ્રુપ જેના મોભી ડૉ.વિઠ્ઠલ કામત છે તેઓ જોડાયા છે. મિલકત ખરીદનારને કોઈપણ પ્રકારનો રખરખાવ લાઈટ બિલ આપવાનું રહેશે નહીં. વધુમાં એગ્રીમેન્ટ થતાં માસિક ભાડાની આવક જીવનભર થતી રહેશે. વધારામાં મિલકત ધારકને વાર્ષિક ૩૦ રાત્રિ રોકાણ એક સાથે કે જરૂરિયાત પ્રમાણે સુલભ કરાવાશે. અવાના રિસોર્ટ અને વિલાના ફાઉન્ડર મેમ્બર નિકેત રાંભિયાએ આ વિગત આપી હતી.

● કચ્છની સીમાએ આવેલા અંતિમ ગામ અને સફેદ રણથી પ્રખ્યાત ધોરડોમાં ૭૮ ઘર માત્ર છે. તે બધા ઘરો પર કે ભૂંગાઓ પર સોલાર રૂફ ટોપ લાગી ગયાં હોવાથી કચ્છનું પ્રથમ સૌર ઉર્જા ગામ બનશે. ધોરડો ગામ દર વર્ષે બે લાખથી વધારે વીજ યુનિટ ઉત્પાદન કરશે. ધોરડોના સરપંચ મિંયા હુસેન મુતવાના જણાવ્યા મુજબ ગામના અભણ માલધારીઓ પ્રવાસનનો પવન જોઈ હોમ સ્ટે જેવું વ્યવસાય કરી નવતર પહેલ કરી છે. હવે તો પ્રત્યેક ઘરમાં સોલાર પેનલ લાગી જતાં ઘરનું વીજ બિલ બચશે ને વધારામાં વીજ ઉત્પાદનથી આવક પણ થશે.

● ધોળાવીરા સહિતના મહત્વના સ્થળોને લીધે કચ્છને હડપ્પીય સંસ્કૃતિ સાથે જોડવામાં આવે છે. પણ આઈઆઈટી ગાંધીનગર, આઈઆઈટી કાનપુર, ઈન્ટર યુનિવર્સિટી એક્સલેટર સેન્ટર દિલ્હી અને ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી અમદાવાદ અને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી ગાંધીનગરના નિષ્ણાતોની ટીમે કરેલા એક અભ્યાસમાં રસપ્રદ તારણ નીકળ્યું કે કચ્છમાં સિંધુ સંસ્કૃતિના પણ ચારથી પાંચ હજાર વર્ષ પહેલાં પણ કચ્છમાં શિકારી અને વિચરતી પ્રજા રહેતી હતી. ૯૫૦૦ થી ૧૦ હજાર વર્ષ પહેલા કચ્છના ઉતરીય ભાગમાં સમુદ્ર ઘૂઘવતો હતો. આ અભ્યાસ દરમ્યાન સંશોધકોને વિવિધ પ્રકારના પથ્થરના હથિયાર અને સાધનો મળ્યાં હતાં. જેનો ઉપયોગ કાપવા, ખોતરવા તેમજ તોડવા માટે થતો હતો.

● મુંબઈના નેસ્કો સેન્ટરમાં ફૂડ કોનોઈઝર્સ દ્વારા ૨ હજાર જેટલા લોકો વચ્ચે ભુજના ટાઈમ સ્કેવર ક્લબ એન્ડ સ્પાના 'નમક' રેસ્ટોરેન્ટને બેસ્ટ ફૂડ કેટેગરીનો એવોર્ડ આપી સન્માનિત કરાયા હતા. આ આયોજન રાષ્ટ્રીય સ્તરે થાય છે. આ એવોર્ડ ગુણવતા અને સર્વિસને ધ્યાનમાં લઈને જજ વિખ્યાત શેફ હેમંત ઓબેરોય, દેવીન્દર કુમાર, હરપાલ સિંહ શોખી, કૃણાલ વિજયકર, મિશેલ સ્વામી, અમનિંદર સંધુ, અજિત બાલ્ગી, શેરી મહેતા અને અનન્યા બેનર્જીના એકમતિ નિર્ણયથી અપાયો.

ARIHANT BANK

SHRI ARIHANT CO-OP. BANK LTD.

# Watch your savings grow, effortlessly.

FIXED DEPOSIT

720 Days

RATE OF INTEREST

*7.85% per annum

For General Public

*8.35% per annum

For Senior Citizens

STAMP FRANKING Now Available

*Terms & conditions apply

Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| | | | | |
|---|---|---|---|---|
| Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656 |

SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or

Toll Free : 1800 221 984

Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)



www.arihantbank.com

@ Arihant Bank